# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref No. PN 2024-25/050 Dt. 05/08/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# SGCCI દ્વારા 'નયા ભારત, નયા કાનૂન – IPC To BNS' વિષય પર અવેરનેસ સેમિનાર યોજાયો

**ભારતની જનતાને ધ્યાને રાખીને ૧લી જુલાઈ ૨૦૨૪ના રોજથી આઈપીસી બીએનએસમાં, ઈન્ડિયન એવિડન્સ એકટ બીએસએમાં અને સીઆરપીસી બીએનએસમાં બદલાઈ ગયું : પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગેહલોત (IPS)**

**ભારતીય દંડ સંહિતામાં સુધારાઓ કરીને નાગરિકોને દંડ નહીં પણ ન્યાય આપવાનો હેતુ સાથે ભારતીય ન્યાય સંહિતા કરવામાં આવ્યું છે : સુરતના મુખ્ય જિલ્લા સરકારી વકીલ શ્રી નયન સુખડવાલા**

**અંગ્રેજોના જમાનાના કાયદાઓ હતા અને તેમાં બદલાવની જરૂર હતી, ભારતીય ન્યાય સંહિતામાં ૨૦ નવા ઓફેન્સનો સમાવેશ કરાયો છે : સુપ્રિમ કોર્ટના સિનિયર વકીલ તેમજ ઇન્ડિયન સોસાયટી ઓફ ઇન્ટરનેશનલ લોના વાઇસ પ્રેસિડેન્ટ ડો. જી.વી. રાવ**

## જો સરકારી વકીલ ઇરાદાપૂર્વક ભૂલ કરે અને પોલીસ પણ ભૂલ કરશે તો તેમની સામે કાર્યવાહી થશે, ઇન્કમ ટેક્ષના સર્ચ એન્ડ સીઝરમાં પણ મહત્વની જોગવાઇ કરાઇ છે : ગુજરાત રાજ્યના ડેપ્યુટી ડાયરેકટર ઓફ પ્રોસિકયુશન શ્રી રાકેશ રાવ

## પહેલાના કાયદામાં સ્નેચીંગના ગુનામાં સીધી જોગવાઇ ન હતી, પરંતુ ભારતીય ન્યાય સંહિતામાં તેની સીધી જોગવાઇ કરાઇ છે : મદદનીશ પોલીસ કમિશનર ચિરાગ પટેલ

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શનિવાર, તા. ૩ ઓગષ્ટ ૨૦૨૪ના રોજ સાંજે ૫:૦૦ કલાકે એલ.પી. સવાણી ઇન્ટરનેશનલ સ્કૂલ, ગૌરવ પથ, પાલ, સુરત ખાતે 'નયા ભારત, નયા કાનૂન – IPC To BNS' વિષય પર અવેરનેસ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં સુરત શહેરના પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગેહલોત (IPS) મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહયા હતા. જ્યારે સુરતના મુખ્ય જિલ્લા સરકારી વકીલ શ્રી નયન સુખડવાલા કાર્યક્રમના અતિથિ વિશેષ તરીકે સ્થાન શોભાવ્યું હતું.

આ કાર્યક્રમમાં કી–નોટ સ્પીકર તરીકે સુપ્રિમ કોર્ટના વકીલ તેમજ ઇન્ડિયન સોસાયટી ઓફ ઇન્ટરનેશનલ લોના વાઇસ પ્રેસિડેન્ટ ડો. જી.વી. રાવે તથા વકતાશ્રીઓ તરીકે ગુજરાત રાજ્યના ડેપ્યુટી ડાયરેકટર ઓફ પ્રોસિકયુશન શ્રી રાકેશ રાવે અને સુરત શહેરના મદદનીશ પોલીસ કમિશનર શ્રી ચિરાગ પટેલે સુરતના ઉદ્યોગ સાહસિકો, વકીલો, પ્રોફેશનલ્સ અને વિદ્યાર્થીઓને ભારતીય ન્યાય સંહિતા વિષે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બરના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સેમિનારમાં સર્વેને આવકાર્યા હતા અને સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે ભારતને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવા પ્રયાસ કરી રહયા છે ત્યારે આધુનિક, સ્વતંત્ર ભારતની જરૂરિયાતો અને આકાંક્ષાઓ માટે પણ એક વિકસિત કાનૂની માળખું જરૂરી છે. ભારતની સામાજિક અને આર્થિક ગતિશીલતામાં ધરખમ ફેરફાર થયા છે. સાયબર ક્રાઇમ, આર્થિક ગુનાઓ અને માનવાધિકારના મુદ્દાઓ જેવા વર્તમાન સમયમાં ઉભા થયેલા પડકારોને પહોંચી વળવા માટે પણ વધુ સૂક્ષ્મ કાનૂની અભિગમની જરૂર છે. IPCથી BNSમાં રૂપાંતરણ ભારતની કાનૂની વ્યવસ્થા માટે એક નવા યુગને ચિન્હીત કરે છે, જે 'નવા ભારત'ની ભાવનાને મૂર્તિમંત કરે છે. એક નવું ભારત, જે ન્યાયી, સમાન અને પ્રગતિશીલ છે.

સુરત શહેરના પોલીસ કમિશનર શ્રી અનુપમ સિંહ ગેહલોત (IPS)એ જણાવ્યું હતું કે, પોલીસની રચના થઈ ત્યારે ઈન્ડિયન પોલીસ એકટ ૧૮૬૧ બન્યો હતો, જે અનુસાર હજુ પણ પોલીસ કાર્ય કરે છે. પ્રથમ મેઈન્ટેનન્સ ઓફ લો ઓર્ડર, બીજું પ્રિવેન્શન અને ડિટેકશન ઓફ ક્રાઈમ અને ત્રીજું મેઈન્ટેનન્સ ઓફ ટ્રાફિક છે. સીઆરપીસીની રચના વર્ષ ૧૮૭૩માં થઈ અને ત્યારબાદ તેમાં બદલાવ થતાં ગયા. કહેવામાં આવતું હતું કે, અંગ્રેજોના લાભમાં તમામ કાયદાનું ઘડતર થયું હતું, સ્વતંત્રતા મળ્યા બાદ તેમાં સુધારાઓ થયા છે.

ભારતની જનતાને ધ્યાને રાખીને ૧લી જુલાઈ ૨૦૨૪ના રોજથી આઈપીસી બીએનએસમાં, ઈન્ડિયન એવિડન્સ એકટ બીએસએમાં અને સીઆરપીસી બીએનએસએસમાં બદલાઈ ગયું. પહેલાના કાયદાઓમાંથી આઈપીસીમાં ૫૧૧ સેકશનમાંથી માત્ર ૨૫થી ૩૦ સેકશનની જરૂર પડતી હતી. મહિલાઓ વિરૂદ્ધ ક્રાઈમ થયા તો ગુજરાત સરકાર અને ભારત સરકારમાં નવા કાયદાઓ બનતા ગયા અને ક્રાઈમ અગેઇન્સ્ટ વુમન્સ એન્ડ ચાઈલ્ડ

વિશેના એકટમાં ફેરફાર થતા ગયા. નવા કાયદાઓમાં સૌથી સારી વાત એ છે કે, પરિસ્થિતી બદલાતી હોવાથી કાયદામાં ફેરફાર સમયની માંગણી રહી છે.

સુરતના મુખ્ય જિલ્લા સરકારી વકીલ શ્રી નયન સુખડવાલાએ જણાવ્યું હતું કે, જે ત્રણ કાયદાઓમાં ફેરફાર કરવામાં આવ્યા છે, તે તમામ ૧૮૦૦ વર્ષમાં આવ્યા હતા. જેમ–જેમ સમય બદલાતો જાય, તેમ–તેમ ગુનેગારની ગુનો કરવાની પદ્ધતિ, પુરાવાઓ નષ્ટ કરવાની પદ્ધતિમાં ફેરફાર આવે છે. જૂના બ્રિટીશ સમયના કાયદાઓનો હેતુ લોકોને ભયમાં રાખવાનો હતો, આથી ભારતીય દંડ સંહિતામાં સુધારાઓ કરીને નાગરિકોને દંડ નહીં પણ ન્યાય આપવાનો હેતુ સાથે ભારતીય ન્યાય સંહિતા કરવામાં આવ્યું છે.

સુપ્રિમ કોર્ટના સિનિયર વકીલ તેમજ ઇન્ડિયન સોસાયટી ઓફ ઇન્ટરનેશનલ લોના વાઇસ પ્રેસિડેન્ટ ડો. જી.વી. રાવે જણાવ્યું હતું કે, ભારતનું બંધારણ સર્વોપરી છે. નાગરિકોને એના હકકો મળે તે પ્રકારનું આયોજન બંધારણમાં કરવામાં આવ્યું છે. અંગ્રેજોના જમાનાના કાયદાઓ હતા અને તેમાં બદલાવની જરૂર હતી. ભારતીય ન્યાય સંહિતામાં ૨૦ જેટલા નવા ઓફેન્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમણે કહયું હતું કે, ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી મહત્વની બાબત છે, આથી આ સંદર્ભે ભારતીય ન્યાય સંહિતામાં મહત્વ આપવામાં આવ્યું છે. જૂના કાયદામાં સાયબર ક્રાઇમમાં ડેફિનેશન ન હતું.

તેમણે જણાવ્યું હતું કે, ક્રિમિનલને પકડવા માટે પ્રોસિજર મહત્વની છે. રીઢા ગુનેગારો માટે હવે હાથકડી પહેરાવવી જરૂરી છે. કેટલાક કેસોમાં હયુમન રાઇટ્સ વચ્ચે આવશે પણ પોલીસે ગંભીર ગુનાઓમાં આરોપીઓને હાથકડી પહેરાવતા ગભરાવવાની જરૂર નથી. તેમણે ભારતના નવા ક્રિમિનલ કાયદાઓ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

ગુજરાત રાજ્યના ડેપ્યુટી ડાયરેકટર ઓફ પ્રોસિકયુશન શ્રી રાકેશ રાવે જણાવ્યું હતું કે, સમયની સાથે ક્રાઇમની મોડસ ઓપરેન્ડી બદલાઇ છે. છેલ્લા ૧૬૫ વર્ષથી જૂના કાયદા ચાલતા હતા એટલે સમયની સાથે તેમાં બદલાવ કરવાની જરૂર હતી. ગુજરાત સરકારે એક કમિટી બનાવી છે. જેમાં ડાયરેકટર જનરલ ઓફ પોલીસ, ડાયરેકટર એન્ડ પ્રોસિકયુટર હોય છે. જો સરકારી વકીલ ઇરાદાપૂર્વક ભૂલ કરે અને પોલીસ પણ ભૂલ કરશે તો તેમની સામે કાર્યવાહી થશે. ઝીરો એફઆઇઆરમાં કોઇ પણ વ્યકિત ગમે તે જગ્યાએથી ફરિયાદ આપી શકે છે. હવે ભારતીય ન્યાય સંહિતામાં જ્યુરિડિકશનનો મુદ્દો દૂર થઇ ગયો છે. ઇલેકટ્રોનિક માધ્યમથી પણ ફરિયાદ કરી શકાશે. જો કે, ત્રણ દિવસમાં ફરિયાદીએ ફરિયાદ સંદર્ભે સહી કરવાની રહેશે નહીં તો ફરિયાદ રદ કરવામાં આવશે.

બળાત્કાર જેવા ગંભીર ગુનાઓમાં મેડિકલ ઓફિસરે ૭ દિવસમાં મેડિકલ સર્ટિફિકેટ આપવાનું રહે છે અને પોલીસે પણ તે મેળવી લેવાનું રહેશે. પોલીસ હવે ઓર્ગેનાઇઝ ક્રાઇમ, ટેરરીઝમ, હત્યા, બળાત્કાર જેવા ગંભીર ગુનાઓમાં આરોપીને હાથકડી પહેરાવી શકશે. ભારતીય ન્યાય સંહિતામાં આ અંગે જોગવાઇ થઇ ગઇ છે. છેતરપિંડી જેવા ગુનાઓમાં પણ પોલીસ આરોપીની ધરપકડ કરી ડીએસપી અથવા પોલીસ કમિશનરની પરવાનગીથી જ્યુડિશિયલ ફર્સ્ટ કલાસ મેજિસ્ટ્રેટને અરજી કરી કલેકટરના આદેશ પછી આરોપીની પ્રોપર્ટીને વેચીને ભોગ બનનારને રૂપિયા આપી શકે છે. તેમણે રિમાન્ડ અંતર્ગત ૬૦થી ૯૦ દિવસની જોગવાઇ વિશે વકીલો અને પોલીસ કર્મચારીઓને સમજણ આપી હતી. આ ઉપરાંત ઇન્કમ ટેક્ષના સર્ચ એન્ડ સીઝરમાં પણ મહત્વની જોગવાઇ કરાઇ હોવાનું શ્રી રાવે વધુમાં જણાવ્યું હતું.

સુરત શહેરના મદદનીશ પોલીસ કમિશનર શ્રી ચિરાગ પટેલે જણાવ્યું હતું કે, ભારતીય એકતા, સાર્વભૌમત્વને જોખમમાં મૂકે તો એમાં દંડની જોગવાઇ ભારતીય ન્યાય સંહિતામાં કરવામાં આવી છે. ભૂલથી ચલણી નોટનો ઉપયોગ થઇ ગયો હોય તો એવા કિસ્સામાં દંડની જોગવાઇ કાઢી નાંખવામાં આવી છે, પરંતુ ભૂલથી ઉપયોગ થયા હોવાનું પુરવાર કરવું પડશે. થેફ્ટ ઓફ આઇડેન્ટીટીનો ઉપયોગ કરનાર સમક્ષ ભારતીય ન્યાય સંહિતા હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે, પહેલાના કાયદામાં સ્નેચીગ એટલે મોબાઇલફોન, સોનાની ચેઇન, પર્સ વિગેરે આંચકી લેવાના ગુનામાં સીધી જોગવાઇ ન હતી, પરંતુ ભારતીય ન્યાય સંહિતામાં તેની સીધી જોગવાઇ કરવામાં આવી છે. નવા કાયદાઓમાં સેકશન અને કલમના નંબરો બદલાયા છે પણ મોટા ભાગનું કન્ટેન્ટ સરખું હોવાનું તેમણે વધુમાં જણાવ્યું હતું.

ચેમ્બરના માનદ્‌ ખજાનચી શ્રી મૃણાલ શુકલએ સર્વેનો આભાર માન્યો હતો. ચેમ્બરની પબ્લીક રિલેશન કમિટીના ચેરપર્સન સુશ્રી નિશાબેન આનંદે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. ગૃપ ચેરમેન શ્રી ધર્મેશ વાણિયાવાલા અને ડો. અનિલ સરાવગી તથા પબ્લીક રિલેશન કમિટીના એડવાઇઝર શ્રીમતી ગીતાબેન શ્રોફ, કો–ચેરમેન શ્રી તનય મહેતા અને સભ્ય સુશ્રી અર્ચનાબેન દેસાઇએ વકતાશ્રીઓનો પરિચય આપ્યો હતો.

સેમિનારમાં ઉદ્‌ઘાટન સમારોહનું સંચાલન ચેમ્બરની પબ્લીક રિલેશન કમિટીના સભ્ય શ્રી વિનય શુકલ અને ટેકનિકલ સેશનનું સંચાલન ચેમ્બરની લો એન્ડ કોમ્પ્લાયન્સ કમિટીના ચેરમેન એડવોકેટ શ્રી અજય મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું. કાયદાના નિષ્ણાંતોએ સેમિનારમાં ઉપસ્થિત વકીલો, પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ કાયદાના વિદ્યાર્થીઓના વિવિધ સવાલોના સંતોષકારક જવાબો આપ્યા હતા અને ત્યારબાદ અવેરનેસ સેમિનારનું સમાપન થયું હતું.